https://www.gujaratijagran.com/gujarat/ahmedabad/22nd-convocation-held-at-entrepreneurship-development-institute-of-india-174289

# Entrepreneurship: એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ખાતે 22મો દિક્ષાંત સમારોહ યોજાયો

By: Nilesh Zinzuwadia | Fri 04 Aug 2023 11:00 PM (IST)



**Entrepreneurship:** ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય તરફથી સેન્ટર ઓફ એક્સલન્સની માન્યતા ધરાવતા એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)એ શુક્રવારે તેના 22માં દિક્ષાંત સમારોહનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે 54 વિદ્યાર્થીને ડિપ્લોમા અને ફેલો પદવી આપવામાં આવી હતી, તેમાં પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમાના 52 અને મેનેજમેન્ટના બે ફેલોનો સમાવેશ થતો હતો.

તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિ મુખ્ય અતિથિ તરીકે સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. રવિના હસ્તે ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક પદક આપવામાં આવ્યા હતા.તથા દિક્ષાંત સંબોધન કર્યું હતું.

EDIIના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ રાજ્યપાલ તથા મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તેમણે શિક્ષણ, સંશોધન, તાલીમ, MSME, ઇનોવેશન અને સર્વાંગી વિકાસ ક્ષેત્રે 40 વર્ષ દરમિયાન ઇડીઆઇઆઇના કાર્યની રૂપરેખા આપી હતી. ડો. શુક્લાએ સરકારી મંત્રાલયો અને વિભાગો તથા જાણીતા કોર્પોરેટ્સના સહયોગથી નીતિ ઘડતરના ક્ષેત્રોમાં ઇડીઆઇઆઇની સિદ્ધિઓ વિશે વાત કરી હતી, જેનાથી ઉદ્યોગોની સ્થાપના, આવક અને રોજગાર સર્જન થયું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ આરએન રવિએ ગ્રેજ્યુએટ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં તથા વર્તમાન સમયમાં તેમના માટે ઉપલબ્ધ અપાર તકો હાઇલાઇટ કરી હતી. તેમણે કહ્યું હતું કે, તમે એવાં સમયે ગ્રેજ્યુએટ થઇ રહ્યાં છો કે જ્યારે દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઇ રહ્યો છે. વર્તમાન યુગ દરેક વ્યક્તિ માટે અપાર તકોનું સર્જન કરી રહ્યો છે. આથી તમારા ભાગ્યને અજમાવો અને આગળ વધો.

EDIIના પ્રેસિડેન્ટ તથા IDBI બેંક લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને CEO રાકેશ શર્માએ કહ્યું હતું કે, ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એવી એન્ટરપ્રાઇઝની સ્થાપના કરી છે કે જેઓ સફળતા બદલ પ્રશંસા અને ધ્યાન આકર્ષિત કરી રહ્યાં છે. તેમાંથી કેટલીક એન્ટરપ્રાઇઝિસ લિસ્ટેડ કંપની પણ બની છે. ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાગ્યશાળી છે કે તેમને માનનીય પ્રધાનમંત્રી, રાજ્યના મુખ્યમંત્રી અને બીજા મહાનુભાવો પાસેથી સલાહ મળી છે.